सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૧૩/૦૫/૨૦૨૫ |
| અરજી નોંધ્યા તારીખ | ૧૩/૦૫/૨૦૨૫ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦ – ૧૧ – ૦૪ |

**નામદાર મજુર અદાલત નં.૨ જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ,જામનગર.**

**રેફરન્સ (ટી) નં.૫૭/૨૦૨૫**

**આંક – ૨૦**

પ્રથમ પક્ષકારો : (૧) નેપ્રોરીર્સોસ મેનેજમેન્ટ પ્રા.લી.,
નાગેશ્વર રોડ, નદીનો પટો, જામનગર.

(૨) શ્રી ગણેશ મેનપાવર સપ્લાયર,
ફલેટ નં.૩૦૫, પ્લોટ નં.૨૭–૨૮,
જય મા ભવાની એપાર્ટમેન્ટ,
જ્ઞાનગંગા હાઈસ્કુલ, રાતાચીરી,
વાપી,વલસાડ.

(૩) ફોકસ ઈનેબલીંગ પ્રા.લી.
૨૦૨, અભિરૂચી એપાર્ટમેન્ટ,
અંબા વિજય સોસાયટી, શરૂસેકશન રોડ,
જામનગર.

**વિરુધ્ધ**

બીજા પક્ષકાર : કિશોર જેન્તીભાઈ ચંદ્રેશા

ખીરસરા, ઉપલેટા, રાજકોટ.

C/O. મજુર સેવા સંઘ,જામનગર.

**વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ-૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત.**

| | | |
|---|---|---|
| પ્રથમ પક્ષકાર નં.૧ થી ૩ તરફે | : | એક તરફી |
| બીજા પક્ષકાર તરફે | : | વિ.પ્રતિનિધિ શ્રી એચ.એચ.દેદા |

**-:: એ વો ર્ડ ::-**

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર''તરીકે સંબોધવા માં આવેલા છે.

(૨) આ કામે અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા મદદનીશ શ્રમ આયુકતશ્રી, દેવભુમિ ધ્વારકા સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, જામનગરનાં હુકમ ક્રમાંક : એ.કે.એચ. એલ.સી./આર.એ.જે./૧૦૫/૨૫ પત્ર ક્રમાંક મશ્રઆ/જામ/ ૨૦૨૫ /૨૨૭૫, તા.૦૮/૦૫/૨૦૨૫ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**-: અનુસૂચિ :-**

**કિશોર જેન્તીભાઈ ચંદ્રેશાને તા.૩૦/૦૯/૨૦૨૪ થી કોઈપણ જાતના વાંક ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ**

**છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લેવા જોઈએ કે કેમ ?**

(૩) આ કામે પક્ષકારોને નોટીસ કાઢતા અરજદાર પક્ષે તેમના વિ.પ્રતિનિધિ શ્રી એચ.એચ.દેદાએ હાજર થઈ તેમનું અધિકાર પત્ર રજૂ કરેલ છે.

(૪.૧) આ કામમાં અરજદારે આંક–૪ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ, જેની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના સામાવાળા નં.૧ એ સામાવાળા નં.ર અને ૩ ને કોન્ટ્રાકટ આપેલ અને અમો અને અરજદાર છેલ્લા ર વર્ષથી સામાવાળા નં.ર અને ૩ના કોન્ટ્રાકટરમાં ઓપરેટર તરીકે રોજના રૂ.૪૮૭/– ના પગારથી સતત સળંગ ર૪૦ દિવસ કરતા વધુ સમયથી ખંત પ્રમાણિકતા થી ફરજ બજાવેલ. એપ્રિલ–ર૦ર૪ થી સામાવાળા નં.૩ ના કોન્ટ્રાકટ હેઠળ ફરજ બજાવતા હતા. સામાવાળા ધ્વારા અરજદારને વેતનચીઠ્ઠી કે હાજરી કાર્ડ આપતા નહી. તેમજ સામાવાળાની કંપનીમાં કાયમી પ્રકારનું કામ શામ એન્ડ બોગસ કોન્ટ્રાકટ સીસ્ટમ ધ્વારા કામદારો પાસેથી લઈ કામદારોની સર્વિસ બ્રેક કરી કામદારોનું ખુલ્લેઆમ શોષણ કરવામાં આવે છે. અમો અરજદારે નોકરીના આધાર માગતા અમોને કોઈપણ જાતના વાંક ગુન્હા કે કસુર વિના તેમજ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર માત્ર મૌખિક રીતે જાણ કરી અરજદારને તા.૧૩/૧ર/ર૦ર૪ ના રોજ છૂટા કરેલ જેથી અમો અરજદારે મજુર સેવા સંઘ મારફતે તા.૧૮/૧ર/ર૦ર૪ ના રોજ રજી.એ.ડી.ના પત્રથી માંગણાની નોટીશ આપેલ. તેમ છતાં સામાવાળાએ અરજદારને નોકરી પર લીધેલ નહી. તેથી કામદારે મજૂર

કમિશ્નરશ્રીને ફરીયાદ કરેલ. જેથી સદર રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે.

(૪.૨) અરજદારે વધુમાં જણાવેલ છે કે, સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છૂટા કર્યા ત્યારે અરજદાર જે પ્રકારની કામગીરી કરતા હતા તે જ પ્રકારની કામગીરી કરતા અને અરજદારથી પાછળ નોકરીમાં દાખલ થયેલા અન્ય જુનિયર કામદારો માલિકને ત્યાં કામ ઉપર ચાલુ હતા. તેમજ અરજદારને છૂટા કરી તુરંત જ અરજદારની જગ્યાએ નવા કામદારની ભરતી કરી દીધેલ છે અને તે કામદારો માલિકને ત્યાં કામ પર ચાલુ જ છે. સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છૂટા કર્યાબાદ અરજદારે અન્યત્રે નોકરી મેળવવા પ્રયાસ કરવા છતાં કયાંય નોકરી મળેલ નથી.

(૪.૩) અરજદારે વધુમાં દાદ માંગી જણાવેલ છે કે, સામાવાળા સંસ્થાનું કૃત્ય તદ્દન ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધનું તેમજ આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરુધ્ધનું હોવાનું જાહેર કરવા અરજ ગુજારેલ છે. તેમજ અરજદારને તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજથી એટલે કે સામાવાળાએ અરજદારને નોકરીમાંથી છૂટા કર્યા તારીખથી નામદાર કોર્ટનો હુકમ થાય ત્યાં સુધી સમયના પડેલા દિવસોના પૂરેપુરા પગાર સાથે સળંગ અને પૂર્વવત નોકરીની મૂળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા સામાવાળાને હુકમ કરવા દાદ માંગેલ છે. વિશેષમાં અરજદારે પડેલા રોજના પગારની તકરાર કાયમી રાખી અને કામદાર અત્યારે પણ પણ સામાવાળાને ત્યાં કામ ઉપર ચડી જવા તૈયાર હોવાનું જણાવી રેફરન્સનો ખર્ચ રૂ.૩૦૦૦/- સામાવાળા સંસ્થા પાસેથી વસુલ

અપાવવા રજૂઆત કરેલ છે.

(૫) સામાવાળા–સંસ્થાઓને આંક–૫ થી નોટીસ કાઢતા સામાવાળાઓના બજયા વગર પરત આવેલ ત્યારબાદ અરજદારના પ્રતિનિધિ ધ્વારા સામાવાળા નં.૧ ને રૂબરૂ નોટીસ બજવવા ગયેલ ત્યાં તેના આસી.મેનેજર હાજર હોય જેમણે નોટીસ સ્વીકારવાનો ઈન્કાર કરેલ અને જણાવેલ કે રજી.એડી અથવા કુરીયરથી કે અરજદાર જાતે આવે હું નોટીસ સ્વીકારીશ તેવું જણાવેલ તેથી તે અંગેનું અરજદારના પ્રતિનિધિ ધ્વારા આંક–૭ થી સર્વિસ એફીડેવીટ કરી રજુ કરવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારના પ્રતિનિધિ ધ્વારા સામાવાળાઓને ટેલિફોનીક જાણ કરી અને વોટસએપના માધ્યમથી નોટીસની બજવણી કરવામાં આવેલ તે અંગે સોગંદનામું કરી આંક–૧૨ થી રજુ કરેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૧ થી ૩ હાજર રહેતા ન હોય આ કામે અરજદારના પ્રતિનિધિ ધ્વારા આંક–૧૦ તથા આંક–૧૩ થી સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરવા કરવાની અરજી આપેલ તે મંજુર કરી સામાવાળા નં.૧ થી ૩નો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૬) અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક ૧૫ થી અરજદાર નુ સોગંદનામું રજુ કરેલ તથા આંક–૧૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી સામાવાળાને આપેલ ડીમાન્ડ નોટીસ તથા ડીમાન્ડ નોટીસનું પરત આવેલ કવર અસલ તથા અરજદારને આપેલ પે સ્લીપ નકલ રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામે સામાવાળાને નોટીસ બજી જવા છતાં સામાવાળા તરફે ઉલટતપાસ માટે કોઈ હાજર ન રહેતા, અરજદાર તરફથી અરજદાર ની ઉલટ તપાસનો હકક બંધ કરવા માટે આંક –૧૬ થી અરજી આપતા

અરજદારની ઉલટતપાસનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૭ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવા માંગણી કરતી આંક–૧૮ ની અરજી આપતા સામાવાળાનો પુરાવા નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૭) અરજદાર તરફે વિદ્વાન પ્રતિશ્રી એચ.એચ.દેદાએ દલીલમાં તેમના માંગણાના નિવેદનની હકિકતોનું પુનરાવર્તન કરીને દલીલો કરેલ છે, ત્યારબાદ અરજદાર તરફે સામાવાળાની દલીલનો હકક બંધ કરવા માંગણી કરતી આંક ૧૯ ની અરજી આપતા નામદાર કોર્ટ ઘ્વારા સામાવાળાનો દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ઉપરોકત અરજદાર પક્ષ નિવેદન, રજૂ મૌખિક–દસ્તાવેજી પુરાવાઓ, દલીલો લક્ષમાં લેતા આ રેફરન્સના ન્યાય નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

## –:: <u>મુદ્દાઓ</u> ::–

**૧.** શું આ કામના અરજદારને તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ સામાવાળાએ ગેરવ્યાજબી, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તેમજ આઈ.ડી. એકટની કલમોનુ છડેચોક ભંગ કરીને સામાવાળા ઓએ ગેરકાયદેસર રીતે નોકરી માંથી છૂટા કરેલા છે?

**૨.** શું આ કામના અરજદાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત થવાની દાદ કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

**૩.** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મૂજબ છે.

**૧.** હકારમાં

**૨.** અંશત: હકારમાં

**૩.** આખરી હુકમ મુજબ

## –:: કા ર ણો ::–

**મુદ્દા નં.૧ અને ૨ :–**

(૧૦) આ કામે મુદ્દા નં. ૧ અને ૨ ની હકિકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બિન જરૂરી પુનરાવર્તન ટાળવાનાં હેતુસર આ બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે અરજદાર કોઈપણ દાદ મેળવવા હકકદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ સામાવાળાના કામદાર હોવાનું અને ત્યારબાદ ૨૪૦ દિવસ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છૂટા કરેલ હોવાની હકિકત પુરવાર કરવાની રહે છે.

આ કામમાં અરજદારનાં માંગણાનાં નિવેદનની હકિકત જોવામાં આવે તો અરજદાર સામાવાળાને ત્યાં છેલ્લા ૨ વર્ષથી ઓપરેટર તરીકે સળંગ ૨૪૦ દિવસ કરતા વધુ સમયથી રોજના રૂા.૪૮૭ ના પગારથી ખંત પ્રમાણીકતા અને વફાદારી પૂર્વક એકધારી સળંગ નોકરી કાયમી ધોરણે કરતા હતા. કોરા કાગળો તથા વાઉચરોમાં સહી કરાવતા અને એક જ જગ્યાએ અલગ અલગ નામથી કારખાના ચલાવે છે. માલીકે રાખવા જોઈતા કાયદેસરના રેકર્ડ રાખતા નહી. હકક રજા,

અઠવાડીક રજા કે બોનસ ચુકવેલ નથી. વેતનચીઠ્ઠી કે હાજરી કાર્ડ આપતા નહી. મીનીમમ વેઈઝ કરતા ઓછુ વેતન ચુકવતા હતા. જે અંગેની માંગણી કરત કોઈપણ જાતના વાંક ગુના કે કસુર વિના તેમજ કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર માત્ર મૌખિક રીતે જાણ કરી તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજ છુટા કરેલ છે.

હવે આ કામમાં અરજદાર તરફે સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે, પરંતુ સામાવાળાઓ હાજર નહી રહેતા તેઓનો ઉલટતપાસ નો હકક બંધ થયેલ છે. ત્યારબાદ સામાવાળાઓનો પુરાવો રજૂ કરવાનો હકક પણ બંધ થયેલ છે. અરજદારે રજૂ કરેલ પુરાવાનું સોગંદનામું જોવામાં આવે તો તેમાં માંગણાનાં નિવેદનની હકિકતોન દોહરાવેલ છે તથા વધુમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળાઓને ત્યાં ૫ વર્ષથી ઓપરેટર તરીકે સળંગ ૨૪૦ દિવસ કરતા વધુ સમયથી રોજના રૂપિયા ૪૮૭/-ના પગારથી ખંત, પ્રમાણીકતા અને વફાદારી પૂર્વક એકધારી સળંગ નોકરી કાયમી ધોરણે કરતા હતા. વધુમાં અરજદાર જણાવે છે કે, માલિકને રૂબરૂ મળી ફરી કામ ઉપર લેવા મૌખિક વિનંતી કરેલ છતાં માલિકે દાદ દીધેલ નહી. તેથી અંતે કામદારે રજી. એ.ડી.ના પત્રથી માંગણીની નોટીસ આપેલ. જે માલિકે લેવાની ના પાડતાં રીફયુઝ ના શેરા સાથે પરત આવેલ અને આ સંજોગોમાં અરજદાર સામાવાળી સંસ્થામાં ઓપરેટર તરીકે નોકરી કરતા હોવાની હકીકત પુરવાર થાય છે.

વધુમાં તે કામગીરી જોતાં તેનો સમાવેશ આઈ.ડી.એકટ અન્વયે કલમ-૨(એસ) માં કરવામાં આવેલ કામદારની વ્યાખ્યામાં થાય છે, જેથી અરજદાર કલમ-૨ (એસ) મુજબનાં કામદાર હોવાની હકિકત

પુરવાર થાય છે.

(૧૨) ત્યારબાદ હવે આ કામનાં અરજદારે આઈ.ડી.એકટની કલમ–૨૫(બી) (૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ? અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છૂટા કર્યાનાં અગાઉ ના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતથી સળંગ નોકરી કરેલ છે કે કેમ? તે હકિકત જોવાની રહે છે.

આ કામનાં અરજદારનાં કથન મુજબ તેઓ ૨ વર્ષ ઉપરાંતથી સામાવાળી સંસ્થામાં ઓપરેટર તરીકે કામ કરતા હતા અને તેઓને તા.૩૦.૦૯.૨૦૨૪ ના રોજ ગેરકાયદેસર રીતે છૂટા કરવામાં આવેલ હતા. જયારે સામાવાળાએ આ કામમાં કોઈ લેખિત જવાબ કે પુરાવો રજૂ કરેલ નથી એટલે કે તે હકિકતને પડકારેલ નથી કે ઈન્કાર કરેલ નથી. હાલનાં કામમાં અરજદારે તેના સોગંદનામામાં તેઓએ ૨ વર્ષ ઉપરાંતથી ઓપરેટર તરીકે કામગીરી કરતા હોવાનું કથન કરેલ છે અને ગેરકાયદેસર રીતે તા.૩૦.૦૯.૨૦૨૪ નાં રોજ મૌખિક હુકમથી છૂટા કરેલ તેવુ જણાવેલ છે. આમ, અરજદારે સોગંદ ઉપરની સરતપાસમાં જે હકિકત જણાવેલ છે તેની સામાવાળાએ હાજર રહીને ઉલટ તપાસ કરેલ ન હોઈ તે કારણસર તેમની સામે વિરુધ્ધનું અનુમાન કરવાનુ રહે છે અને તે આધારે અરજદારે તેઓને છૂટા કર્યા અગાઉ ૨ વર્ષ કરતા વધારે સમયથી કલમ ૨૫(બી)(૧) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકિકત પુરવાર થાય છે.

(૧૩) હવે અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે છૂટા કરેલ છે કે કેમ? તે હકિકત જોવાની રહે છે, તે માટે આઈ.ડી.એકટની કલમ–

૨૫(એફ) ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

**<u>૨૫ (એફ) :– કામદારોની છટણીની પુર્વ શરતો</u>**.

**કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી:**

(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી : પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીનાં દરેક વર્ષ માટે અથવા છમહિનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસનાં સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી, **કરી શકશે નહીં.**

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ? તે હકિકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં કરેલ છે તે નોંધવી જરૂરી બને છે.

**કલમ–૨(૦૦) 'છટણી '** એટલે શિસ્તનાં પગલા તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદાર ની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃતિ અથવા

(બી) માલિક અને સબંધિત કામદાર વચ્ચેનાં રોજદાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વયે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(બીબી) માલિક અને સબંધિત કામદાર વચ્ચેનાં રોજગારનાં કરાર પુરો થયે તાજો ન કરવાનાં અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિનાં કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીનાં કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ:

(૧૪) આ કામમાં અરજદારનાં કથન મુજબ સામાવાળાએ તેઓને તા.૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરેલ.

આ કામે સામાવાળાએ હાજર રહીને અરજદારની સરતપાસ ની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે તેમનાં તરફેથી સ્વતંત્ર પુરાવો રજૂ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારે જે કથન કરેલ છે અને તેના સમર્થન માં સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે, તે બિનપડકારાયેલ છે, આ સંજોગોમાં અરજદારને તા.૩૦.૦૯.૨૦૨૪ નાં રોજ મૌખિક હુકમથી છુટા કરેલ હોવાની હકિકત પુરવાર થાય છે. ત્યારે અરજદારને કલમ ૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈનું પાલન કર્યા સિવાય નોકરીમાંથી છૂટા કરેલ હોવાની હકિકત પુરવાર થતી હોઈ, જેથી મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે ''**હકારમાં** '' આપવામાં આવે છે.

(૧૫) હવે અરજદારને શું દાદ મળવાપાત્ર છે તેની ચર્ચા કરવાની

થાય છે. આ કામમાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી તા.૩૦.૦૯.૨૦૨૪ ના રોજ છૂટા કર્યા ના અગાઉ ૨ વર્ષ કરતા વધારે સમયથી ફરજ બજાવેલ છે. તે સંજોગોમાં તેઓએ સામાવાળી સંસ્થામાં ૨ વર્ષ કરતા વધારે સમય સળંગ કામગીરી કરેલ છે. પરંતુ આ કામે અરજદારની ઉંમર જોતા કોઈ પણ વ્યકિત લાંબો સમય કામ વગર બેસી રહે તે માનવાને કારણ નથી. તે સંજોગોમાં હાલના કેસમાં અરજદારને પુન:સ્થાપિત કરવાનો કોઈ પશ્ર ઉપસ્થિત થતો નથી.

(૧૬) હવે પડેલ દિવસની ચર્ચા કરવામાં આવે તો અરજદારે તેમના સરતપાસ ના સોગંદનામામાં તેઓને છૂટા કર્યા પછી તેઓએ બીજે નોકરી શોધવા પ્રયત્ન કરેલ, પરંતુ તેઓને નોકરી મળેલ નથી તેવુ કથન કરેલ નથી. વધુમાં કોઈપણ વ્યકિત લાંબા સમય સુધી કોઈપણ કામ કાજ વગર સતત બેકાર બેસી રહેલ હોય તેવુ માની શકાય નહીં.આથી અરજદારને પુન:સ્થાપિત કરવાના બદલે રૂા.૩૦,૦૦૦/– વળતર પેટે ચુકવવાનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. જેથી મુદ્દા નં.૨ નો જવાબ તે રીતે "**અંશત: હકાર**" માં ઠરાવી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** આ કામના અરજદારનો હાલનો રેફરન્સ અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના સામાવાળાએ અરજદારને ગેરકાયદેસર રીતે છૂટા કરેલા હોય, સામાવાળાએ અરજદારને પુન:સ્થાપિત કરવા

ના બદલે રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સામાવાળાએ આ રકમ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન ૩૦માં ચૂકવી આપવાની રહેશે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૪. એવોર્ડ પ્રસિધ્ધ થયેથી મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ–૮ ના નિયમ–૩૨ ની જોગવાઈ મુજબ સંબંધિત પક્ષકારને હાલના એવોર્ડની નકલ આપવા નિયમ અનુસાર કાર્યવાહી કરવી.

તા. ૧૭/૦૪/૨૦૨૬
જામનગર

**(દીલીપ વૃજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર
**આઈ.ડી.નં.જીજે–૦૧૨૯૮**